Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

|| શ્રી ગણેશાય નમઃ ||

MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)

|| શ્રી ઉમિયાય નમઃ ||

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

* સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ * સંચાલન : શ્રી કચ્છી કડવા પાટીદાર યુવા મંડળ (મુંબઈ) * મુખપત્ર સમિતિ * તંત્રી : શ્રી છગનભાઈ નાનજી રામજીયાણી *

September 2025 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૫ ● અંક ૨૮૦

તા. ૧૫/૦૯/૨૦૨૫ ● પાના - ૬

## તંત્રી સ્થાનેથી...

### રજત જયંતિ વર્ષમાં

આપણા સૌના માનીતા ''મુંબઈ પાટીદાર પ્રગતિ'' માસિક મુખપત્રકની શુભ શરૂઆત વિક્રમ સવંત ૨૦૫૫ આસો સુદ નોમ મંગળવાર, દિનાંક ૧૯-૧૦-૧૯૯૯ વિજયાદશમીના પવિત્ર દિવસે જયારે રામે રાવણ ઉપર વિજય મેળવી અસત્ય ઉપર સત્યના વિજયની ગાથા લખી હતી તે ઘડીના ઉલ્લાસમય વાતાવરણમાં મા ઉમિયાની પ્રતિમા સમક્ષ આપણી સમગ્ર જ્ઞાતિને પ્રગતિના પંથ ઉપર લઈ જવાના એક ઉમદા ઉદ્દેશ સાથે આ મુખપત્રકનો શુભ આરંભ કરવામાં આવેલ.

પ્રારંભિક દિવસોમાં આપણી શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈના તે સમયના ચેરમેન શ્રીમાન અરજણભાઈ લાલજીભાઈ છાભૈયા (ગામ-દરસડી) સાથે મેનેજિંગ ટ્રસ્ટી શ્રીમાન રામજીભાઈ પ્રેમજીભાઈ સેંઘાણી (વતન કોટડા ચકાર)એ પ્રકાશક તરીકે તથા શ્રીમાન નારાયણભાઈ વિશ્રામભાઈ ભગત (સુરાણી) (વતન ખેડોઈ-કોટડા)એ માનદ તંત્રી તરીકેની જીમ્મેદારી ઉપાડી અને યુવક મંડળ મુંબઈ સંચાલક તરીકેની જવાબદારી ઉપાડી લીધી. આમ મુખપત્રકના પ્રારંભિક તબક્કે જ સૌનો ઉત્સાહ અને સહયોગ સાંપડ્યો હતો.

સમયની સંગાથે પ્રકાશક તરીકે શ્રી છગનભાઈ કાનજીભાઈ નથુભાઈ પોકાર (વતન જીયાપર) જોડાતા આજ દિવસ સુધી પ્રકાશક તરીકેની જીમ્મેદારી સંભાળી રહ્યા છે. જ્યારે સળંગ ૨૫ વર્ષ સુધી વડીલશ્રી નારાયણબાપાએ તંત્રી તરીકેની મુક સેવા બજાવીને સળંગ ૨૬૭ અંકોને સમયસર પ્રગટ

અનુસંધાન પાના નં. ૫ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી ટ્રસ્ટ ફંડ (મુંબઈ)

### સંચાલન : શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ - મુંબઈ

### નુતન વર્ષ સ્નેહમિલન અને સરસ્વતી સન્માન પાર્ટ ૨

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓનો પ્રોત્સાહ આપવા સરસ્વતી સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવે છે. આ વર્ષે સરસ્વતી સન્માનના કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ રહેશેઃ

ડિપ્લોમા તેમજ ધોરણ ૧૩ અને તેનાથી ઉપરના વિવિધ ડિગ્રીના વિદ્યાર્થિઓનું સન્માન દિવાળી સ્નેહમિલન તારીખ ૨૫-૧૦-૨૦૨૫ના દિવસે બપોરે ૩.૦૦ વાગે પાટીદાર વાડી ઘાટકોપર ખાતે કરવામાં આવશે. વિદ્યાર્થીઓએ પોતાના રિઝલ્ટ ફરજીયાત પણે શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈની વેબસાઈટ http://kkpgtrustmumbai.org પર અથવા kkpgtrustmumbai એન્ડ્રોઈડ એપ્લીકેશન પર ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. રિઝલ્ટ અપલોડ કરવાની તા. ૧૩-૦૯-૨૦૨૫ થી તા. ૨૫-૦૯-૨૦૨૫ સુધી રહેશે. ત્યારબાદ ઓનલાઈ લિંક બંધ કરી દેવામાં આવશે. ચકાસણી કર્યા બાદ વેબસાઈટ અને એપ્લીકેશન પર તા. ૧૦-૧૦-૨૦૨૫ સુધી તમારા રીઝલ્ટની જાણકારી આપવામાં આવશે.

**ખાસ નોંધ :**

૧. દરેક વિદ્યાર્થીએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે.
૨. ફકત હાજર રહેલ વિદ્યાર્થીને જ સન્માન આપવામાં આવશે. જે વિદ્યાર્થી બહારગામ હોય અને તેણે પહેલેથી લેખિત જાણ કરી હશે તોજ પરિવારજનને પાછળથી ઈનામ આપવામાં આવશે.
૩. જે વિદ્યાર્થીનું રિઝલ્ટ ઓનલાઈન ડિકલેર થયું હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીનું નામ કોલેજ/ઈન્સ્ટિટયૂટનું નામ ઉત્તીર્ણ થયેલ વર્ષ વગેરે જેવી માર્કશીટમાં હોય તેવી વિગત વાળી ઓનલાઈન રીઝલ્ટની કોપી અપલોડ કરશે તો ચાલશે.
૪. તા. ૨૫-૦૯-૨૦૨૫ પછી કોઈનું રીઝલ્ટ આવે તો નીચે આપેલા ફોન નંબર પર સંપર્ક કરવો.
૫. રિઝલ્ટમાં ગ્રેડ, ફેકલ્ટી વગેરે માર્કશીટને લગતા કોઈપણ પ્રશ્નો માટે અથવા રિઝલ્ટ અપલોડ કરવામાં જો તકલીફ પડે તો નીચે આપેલ ફોનં પર સંપર્ક કરવ ો.
૬. સમય મર્યાદાને ધ્યાનમાં રાખી સરસ્વતી સનમનના કાર્યક્રમમાં શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ ફેરબદલ કરી શકશે.

**સંપર્ક સૂત્ર :**
૧) વૈશાલી છાભૈયા ૯૮૬૯૩૯૧૧૨૩
૨) મમતા પોકાર ૯૮૭૦૭૫૭૯૭૩
૩) રશ્મિ માવાણી ૯૩૭૨૪૨૩૦૮૬

**નોંધ : રાત્રે મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.**

### સમૂહ લગ્ન સમિતિ

વસંત પંચમીના પવિત્ર દિવસે સમૂહ લગ્ન માટે ટ્રસ્ટ ફંડ નિયુક્ત સમૂહ લગ્ન સમિતિ દ્વારા સમૂહ લગ્નનું આયોજન થાય છ વસંત પંચમી ૬૭મો સમૂહ લગ્ન ૨૦૨૬ માટે નવયુકલોના નામ નોંધાવવાનું ચાલુ છે ટ્રસ્ટ ફંડ અને સમૂહ લગ્ન સમિતિ નવયુગોલો અને તેના વાલીઓ અને પરિવારજનોને સમૂહ લગ્નમાં જોડાવા માટે નામ નોંધાવવા માટે નિમંત્રણ પાઠવે છે.

અનુસંધાન પાના નં. ૩ પર...

સમર્થ વ્યક્તિ પ્રતિકુળતાને અનુકુળતામાં પલટાવી શકે છે.

**શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી ટ્રસ્ટ ફંડ મુંબઈ પ્રેરિત**
**શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબીવલી**
**શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ડોંબીવલી દ્વારા આયોજીત**
**શ્રી પાટીદાર યુવક મંડળ-ડોંબીવલી સહયોગી**

## ''શ્રી કૃષ્ણ જન્મોત્સવ-૨૦૨૫''

ઉપરોક્ત મંડળ દ્વારા તા. ૧૫-૦૮-૨૦૨૫ (સાતમ) અને તા. ૧૬-૦૮-૨૦૨૫ (આઠમ)ના રોજ ''શ્રી કૃષ્ણ જન્મોત્સવ-૨૦૨૫''ના કાર્યક્રમનું આયોજન પાટીદાર ભવન ખશતે જ્ઞાતિજનોની હાજરીમાં ધામધુમથી તેમજ પરંપરાગત રીતે કરવામાં આવેલ હતું.

સૌ પ્રથમ તા. ૧૫-૦૮-૨૦૨૫ (સાતમ ના રોજ કુળદેવી ઉમિયા માતાજીના જય જય કાર સાથે ગોયણીના હાથે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું. ત્યારબાદ જ્ઞાતિજનોની હજરીમાં પારંપારિક રીતે ઢોલના તાલે સાતમના રાસગરબાની રમઝટ બોલાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી, દિવસ દરમિયાન રાસ-ગરબા રમી સૌ છુટા પડેલ હતા.

તા. ૧૬-૦૮-૨૦૨૫ (આઠમ)ના રોજ બપોરના ૩.૦૦ કલાકે શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈના ટ્રસ્ટીશ્રીઓ, શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબીવલીના આય.પી.પી., મહામંત્રી, શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ડોંબીવલીના પ્રમુખ, મહામંત્રી, શ્રી પાટીદાર યુવક મંડળ-ડોબીવલીના પ્રમુખ, મહામંત્રી, દ્વારા કુળદેવી ઉમિયા માતાજીની છબી પાસે દીપ પ્રાગટ્ય કરી માતાજીની આરતી ગાઈ આઠમના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી.

દિવસ દરમિયાન ઉપસ્થિત બહેનો, ભાઈઓએ ઢોલના તાલે આઠમના રાસગરબાની રમઝટ બોલાવી હતી, ત્યારબાદ આમંત્રરને માન આપી પધારેલ સર્વે ગોયણીઓ તેમ નવવધૂ સાથે રાસગરબાની રમઝટ બોલાવી હતી ત્યારબાદ રાત્રે ૯.૦૦ કલાકે વિવિધ ચઢાવવાની શરૂઆત કરવામાં આવેલ હતી, ચઢાવવા પૂર્ણ થયા બાદ સંપૂર્ણ રીતોરીવાજ થી ભગવાન બાળકૃષ્ણનો જન્મ કરવામાં આવેલ હતો. બાળ કૃષ્ણના જન્મ બાદ દહીહાંડીના દાતા પરિવાર દ્વારા બાળ ગોપાળાઓએ માનવ પીરામીડ રચી સુંદર મજાની સુશોભિત મટકી ફોડેલ હતી, ત્યારબાદ સર્વે દાતા પરીવારે સાથે મળી ભગવાનની મહાઆરતીનો લાભ લીધેલ હતો, તેમજ આમંત્રણને માન આપી પધારેલ સર્વે ગોયણીઓ તેમજ વર્ષ દરમ્યાન લગ્ન કરી ડોંબીવ લીમાં આવેલ સર્વે નવવધુ (પુત્રવધુ)નું મહિલા મંડળ, ટ્રસ્ટીશ્રીઓ, શ્રી સામજ, યુવક મંડળ વતીથી પૂજન કરી ભેટ આપવામાં આવેલ હતી.

સાતમ-આઠમના બન્ને દિવસે આપણીજ જ્ઞાતિના ભાઈઓએ ઢોલ વગાડેલ હતો તેમજ આપણીજ જ્ઞાતિની બહેનોએ પારંપારિક ગીતો ગાઈ ઉત્સવનો રંગ જમાવેલ હતો તેમજ મહિલા મંડળ વતીથી સર્વે ઢોલ વગાડનાર ભાઈઓનો તથા ગીત ગાનાર બહેનોનો આભાર માનેલ હતો.

ત્યારબાદ કાર્યક્રમના અંતમાં આભારવિધિ કરતા શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈ સર્વે દાતાશ્રીઓ, શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબીવલી, શ્રી પાટીદાર યુવક મંડળ-ડોંબીવલી, વિવિધ સમિતીના સર્વે કાર્યકર્તાઓ, સર્વે સન્માનીય દાતાશ્રીઓ, ''શ્રી

અનુસંધાન પાના નં. ૪ પર...

**શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ પ્રરિત**
**શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ મુંબઈ દ્વાર આયોજિત**
**શ્રી ઘાટકોપર સનાતન યુવા મંડળ અને મહિલા મંડળ સહયોગી**

જય માતાજી

## શ્રી ઘાટકોપર નવરાત્રી મહોત્સવ ૨૦૨૫

તારીખ ૨૨-૦૯-૨૦૨૫ સોમવાર થી ૦૧-૧૦-૨૦૨૫ બુધવાર શ્રી ઘાટકોપર સનાતન સમાજના સર્વે પરિવારજનોને નવરાત્રી મહોત્સવની હાર્દિક શુભકામના. આપને જણાવતા આનંદ થાય છે કે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ મુંબઈ 'કુલ નવરાત્રિ' મહોત્સવ ૨૦૨૫નું ભવ્ય આયોજન કરવા જઈ રહ્યા છીએ જેમાં સર્વ જ્ઞાતિજનોને હાર્દિક આમંત્રણ છે.

નવરાત્રી મહોત્સવ ૨૦૨૫માં સૌ સાથે મળીને આદ્યશક્તિ માં દુર્ગાની આરતી કરીશું રાસ ગરબા રમીશું અને રાત્રે મહાપ્રસાદનો સ્વાદ માણશું. (આ કાર્યક્રમ માટે દસ દિવસના ભોજન પાસની વ્યવસ્થા કરેલ છે.)

શ્રી ઘાટકોપર સનાતન સમાજ દ્વારા નવરાત્રી મહોત્સવમાં આવતા ખર્ચ માટે નીચે મુજબબ દાતાશ્રીઓની સેવા માટે લાભ રાખેલ છે. શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ મુંબઈને અપેક્ષા છે કે ઘાટકોપર નવરાત્રી મહોત્સવ ૨૦૨૫માં આપ શ્રી પરિવાર દાતાશ્રીની સેવામાં આપની શક્તિ પ્રમાણે લાભ લેશો એજ આશા અને વિનંતી છે.

### દાતાશ્રીના સેવાની યાદી

| | |
|---|---|
| ૧) મુખ્ય યજમાન | ૫૧,૦૦૦/- |
| ૨) ઓરકેસ્ટ્રાના દાતાશ્રી | ૩૧,૦૦૦/- |
| ૩) વિડીયોગ્રાફીના દાતા શ્રી | ૨૧,૦૦૦/- |
| ૪) મહાપ્રસાદના એક દિવસના મુખ્ય દાતાશ્રી | ૨૫,૦૦૦/- |
| ૫) ચા પાણીના સહયોગી દાતાશ્રી | ૩,૦૦૦/- |
| ૬) મહાપ્રસાદના સહયોગી દાતાશ્રી | ૫,૦૦૦/- |
| ૭) જાહેરાતના બેનરના દાતાશ્ર | ૬,૦૦૦/-(બેનરની સાઈઝ ૫'x૩') |
| ૮) ફોટોગ્રાફીના દાતાશ્રી | ૧૦,૦૦૦/- |
| ૯) નવરાત્રી મહોત્સવના સહાયોગી દાતાશ્રી | ૨,૦૦૦/- |

રૂપિયા ૨૦૦૦ થી ઉપરના દાતાશ્રીના નામ બેનરમાં છાપવામાં આવશે. ઉપરોકત નવરાત્રી મહોત્સવમાં દાતાશ્રી બની અમો કાર્યકર્તાઓનો ઉત્સાહ અને હિંમત વધારશો એજ અભિલાષા અને વિનંતી..... જય માતાજી.

**આપના દર્શનાભિલાષી**
**શ્રી ઘાટકોપર નવરાત્રી મહોત્સવ ૨૦૨૫ સમિતના કન્વીનર તેમજ સમસ્ત કારોબારી સભ્યો.**

## સમાજ દ્વારા દિવાળી નિમીતે મીઠાઈ વિતરણ

દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણી સમાજ દ્વાર શુદ્ધ દેશી ઘી માંથી બનાવેલ મીઠાઈ તથા ફરસાણ અને સુકામેવાનું દિવાળી પર્વ નિમિત્તે રાહતના દરે વિતરણ રાખવામાં આવેલ છે. જેની વધારે માહિતી સમાજના વોટ્સપ ગ્રુપ દ્વારા સર્વેને જાણ કરવામાં આવશે.

**પ્રમુખ : શ્રી પ્રફુલ રસિકલાલ નાકરાણી**
**મહામંત્રી : શ્રી રૂપેશ ડાયાલાલ સાંખલા**

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી ટ્રસ્ટ ફંડ..... પાના નં. ૧ થી ચાલું...

## વાર્ષિક સામાન્ય સભા અહેવાલ

તારીખ ૩૧-૦૮-૨૦૨૫ના પાટીદાર વાડી ઘાટકોપર મધ્યે બપોરે ૪.૦૦ કલાકે ટ્રસ્ટ ફંડના ચેરમેન કાંતિલાલ નારણ સેંઘાણીના અધ્યક્ષ સ્થોને બોલાવવામાં આવી હતી.

સભાની શરૂઆત સહ મેનેજિંગ ટ્રસ્ટી હીરાલાલ રામજીયાણી દ્વારા વાર્ષિક સામાન્ય સભામાં પધારેલ જ્ઞાતિજનોઓનું હાર્દિક સ્વાગત કરેલ હતું. ટ્રસ્ટ ફંડ મુંબઈના ચેરમેન અને આજની સભાના અધ્યક્ષ કાંતિલાલ નારણ સેંઘાણી સહ સર્વ હોદ્દેદાર અને કારોબારીને સ્ટેજ ઉપર સ્થાન ગ્રહણ કરાવેલ તેમજ સભાની શરૂઆત કરતાં પહેલાં કુળદેવી ઉમિયામા અને ઈસ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણના દીપ પાગ્રટ્ય કરેલ.

આગળનું સંચાલન માટે વાઈસ ચેરમેન પ્રકાશભાઈ માવાણીને સોંપેલ હતું સર્વપ્રથમ સહ મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ ધોળુ દ્વારા આજની સભાના એજન્ડાનું વાંચન કરેલ હતું.

વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સ બુકનું વાંચન સહ મેનેજિંગ ટ્રસ્ટી શાંતિભાઈ ભગત દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ ૧૩-૦૭-૨૦૨૫ની વિશેષ અસાધારણ સભાની નિમિટ્સનું વાંચન ટ્રસ્ટી શ્રી જયંતીભાઈ રામજીયાણી દ્વારા કરવામાં આવ્યું. વાંચન બાદ સભા ને મિનિટ્સને બહાલી આપવા ચેરમેન શ્રી એ રજૂઆત કરેલ જેમાં હાજર સભ્યોએ સર્વાનુમતે બહાલી આપેલ ત્યારબાદ ચેરમેન દ્વારા મિનિટ્સ બુક પર સહી કરવામાં આવી હતી.

નિર્માણ સમિતિના અહેવલ માટે ટ્રસ્ટી શ્રી છગનભાઈ પોકાર દ્વારા રામનિવાસ અને ઉમાનિવાસના ડેવલોપમેન્ટ અંગે વિગતવાર માહિતી આપેલ, પાછળના રોડ રદ કરવા માટેની પ્રગતિનું કામ ચાલુ છે તેમજ ઉમાનિવાસના ભાડુતોની પણ માહિતી આપેલ, ઘાટકોપર રીડેવલપમેન્ટ અંગે ફંડ સમિતિમાં ચર્ચા કર્યા મુજબ ભાડુતી ખાલી કરવા વગેરે વિગતવાર માહિતી આપી હતી. વિશેષ માહિતી ફંડ સમિતિ પરિપત્ર દ્વારા આપવામાં આવશે. સ્થાનિક સમાજ ઘાટકોપર પાછળના ડેવલોપમેન્ટમાં આર્થિક સહાય માટે જોડાય એના માટે આહવાન આપેલ.

ફંડ સમિતિના અહેવાલ માટે ફંડ સમિતિના મંત્રી અને ટ્રસ્ટ ફંડના ચેરમેન શ્રી કાંતિભાઈ સેંઘાણીએ જણાવેલ કે ઘાટકોપર ઉમાનિવાસ, રામનિવાસનું રીડેવલપમેન્ટની ગતિવિધિ જોરમાં ચાલુ છે જેમાં ભાડૂતીને ખાલી કરવા અને રીડેવલપમેન્ટમાં પ્રાથમિક ધોરણે રકમની જરૂર છે. આ રકમને મેળવવા માટે ફંડ સમિતિ દ્વારા ૧૭૫૦૦/- પ્રમાણે સ્કવેર ફીટ જગ્યા આપવામાં આવશે અને પાર્કિંગના દસ લાખ રૂપિયા ફંડ આયોજન સમિતિ એ નક્કી કરેલ છે આમાં સમાજના ભામાશાઓને ખાસ આમંત્રણ આપેલ હતું તેમજ યુવક મંડળ મુંબઈ અને દરેક પરાના સમાજો પાસે વિશેષ ફંડ માંથી સહકાર માંગેલ હતું. ખાસ જણાવેલ હતું ફંડ ટ્રસ્ટ મંડળ અને ફંડ સમિતિ આ રકમ સામે જગ્યા આપે છે તેથી સમાજ સેવા સાથ આપેલ રકમનું રક્ષણ જેવી જોગવાઈ હોવાથી વધું વધુ આમાં જોડાઓ એવી સર્વને અપીલ ટ્રસ્ટ મંડળ અને ફંડ આયોજન સમિતિ વતી અપીલ કરેલ હતી.

ત્રણેય વાડીના સુધારા વધારો અહેવાલ ખજાનચી શ્રી શાંતિભાઈ રૂડાણી દ્વાર રજુઆત અને વાંચી સંભળાવેલ હતો.

ત્રણેય પાટીદારવાડીનો વાડી વપરાશ તેમજ તબીબી અને શૈક્ષણિક અંગેની માહિતી ચેરમેન શાંતિભાઈ ચોપડાએ આપેલ તેમજ અહેવાલ વાંચી સંભળાવેલ.

સામાજિક આધ્યાત્મિક અને ધાર્મિક પ્રવૃત્તિઓ તેમજ પાટીદાર પ્રગતિ પત્રક પાટીદાર પ્રગતિ મુખપત્રકના અહેવાલ માટે ટ્રસ્ટી શ્રી વિરેન્દ્રભાઈ માવાણીએ રજુ કરેલ તેમજ વાંચી સંભળાવેલ હતા. તેમજ છેલ્લા સાત વર્ષથી ૨૦૧૯ થી ઓજસ થેરેપીના અહેવાલ માટે ઝવેરબેન વેલાણીને બોલાવેલ ઝવેરબેન દ્વારા અહેવાલ વાંચી સંભળાવેલ તેમજ વધુમાં જણાવેલ દર મંગળવારના આપણી સમાજની બહેનો દ્વારો ઓજસ સુજોગ નેચરો થેરીપી દ્વારા સેવા આપે છે. ટ્રસ્ટ મંડળ દર મંગળવારના અમોને કોન્ફરન્સ રૂમ નિયમિત ફાળવે છે આનો લાભ અન્ય જ્ઞાતિજનોના દર્દીઓ વધારે લે છે. આપણી જ્ઞાતિજનોને પણ વિનંતી કે આનો લાભ લે અને તંદુરસ્ત રહો એ ભાવના સાથે અમારી ઓજસ સુજોગની બહેનો વતી દર મંગળવારે વેલકમ કરીએ છીએ.

વાર્ષિક હિસાબ બાબતે ટ્રસ્ટી શ્રી અરૂણભાઈ નાકરાણીને આમંત્રણ આપેલ અરૂણભાઈ દ્વારા હિસાબોની બેલેન્સશીટ અને અહેવાલ વાંચી સંભળાવેલ અને ખાસ બાબતે છણાવટ કરેલ અને આ બાબતે કોઈ પ્રશ્ન હોય તો જણાવવા સભાને વિનંતી કરે જેમાં કાંતિભાઈ લીંબાણીએ ઈન્કમટેક્સ અંગે વાત મુકેલ હતી. અરૂણભાઈએ વિગતવાર માહિતી આપેલ જેમાં ૧૦ નંબરના ફોર્મ વિશેષ માહિતી આપેલ જેથી પ્રશ્નોનો સંતોષ કારક જવાબ મળેલ હતો. ત્યારબાદ અરૂણભાઈ નાકરાણી દ્વાર હિસાબ માટે બહાલી આપવા માટે રજૂઆત કરેલ જેમાં સર્વાનુ મતે હિસાબોને બહાલી આપવામાં આવી હતી.

નટુભાઈ ધોળું અને કાંતિભાઈ લીંબાણી દ્વારા ગત વર્ષના ડોનેશન ની ઉઘરાણી અંગે ખુલાસા કરવા અને તેનું નિરાકરણ કરવા જણાવેલ.

કાંતિભાઈ લીંબાણી દ્વારા જે ભાઈઓના ફંડ નથી આવતા તેઓનો ખુલાસો કરવા જણાવેલ તેમજ તેનું નિરાકરણ કરવા જણાવેલ.

ફંડના ખુલાસા માટે મહેન્દ્રભાઈ સેંઘાણી દ્વારા જણાવેલ કે ટ્રસ્ટ ફંડમાં જે રકમ મારી બોલે છે તે ફંડ મેં નોધાવેલ ન હતા તે બાબતે તે સમયના ટ્રસ્ટ મંડળને ખબર છે જેથી મારી રકમ તે લિસ્ટમાં ના આવી જોઈએ તેની રજૂઆત કરેલ.

તે સમયના પૂર્વ ચેરમેન અરૂણભાઈ નાકરાણી દ્વારા સભા સમક્ષ તેમના ખુલાસા કરતા જણાવેલ કે સુવર્ણ જયંતિ મહોત્સવના ચડાવવા સમયે જનરલ સભા બોલાવી હતી તે સભામાંથી ટ્રસ્ટ મંડળના ટ્રસ્ટીઓ તરફથી ઓછામાં ઓછા ૫૦ હજાર રૂપિયા રકમની ફાળો આવવો જોઈએ એવું નક્કી થયું હતું તે નક્કી પ્રમાણે આ રકમ બધા ટ્રસ્ટીને લેવામાં આવ્યા છે જેમાં બાકી બધા ટ્રસ્ટીઓની રકમ જમા થઈ છે જેમના બાકી છે તો આગળ શું કરવું તે સભા નક્કી કરે તેવી રજૂઆત કરી હતી.

આ બાબતે પ્રકાશભાઈ માવાણી પણ વિશેષ ખુલાસા કરેલ હતા. મહેન્દ્રભાઈને વિનંતી સાથે નિરાકરણ માટે સંમતિ આપવા અપીલ કરી હતી. મહેન્દ્રભાઈએ જણાવેલ કે પૈસા આપવા એ કોઈ મોટી વાત નથી સૈદ્ધાંતિક મતભેદ હતા વાત એટલી જ હતી. આ સાથે મહેન્દ્રભાઈએ પણ તે વિષયની રકમ આપવાની સંમતિ આપી આ પ્રશ્નોના નિરાકરણ કરેલ હતું. સભામાં બેસેલ સભા જનોએ તાળીથી વધાવેલ હતું.

ત્યારબાદ મહિલા મંડળ મુંબઈના પ્રમુખ વર્ષાબેન દિવણીએ ટ્રસ્ટ ફંડના માં મહિલા મંડળનો અહેવાલ વાંચી સંભળાવેલ અને ટ્રસ્ટના દરેક કાર્યમાં મહિલા મંડળ હંમેશા તૈયાર છે તેની ખાતરી આપેલ હતી. તેમજ મહિલા મં ડળ રજત જયંતિ મહોત્સવ વિ શે સંપૂર્ણ માહિતી આપેલ

અનુસંધાન પાના નં. ૪ પર...

**શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી ટ્રસ્ટ ફંડ.....** પાના નં. ૩ થી ચાલુ...

અંતમાં ટ્રસ્ટ મંડળ અને યુવક મંડળ અમોને ખુબ સહકાર આપે છે તેની ભાવના વ્યક્ત કરી હતી.

યુવા મંડળના પ્રમુખ વિનયભાઈ છાભૈયાને જણેવેલ કે યુવા મંડળનો સાથ સહકાર હંમેશા ટ્રસ્ટ ફંડને આપે છે અને આપતું રહેશે. ટ્રસ્ટના કોઈ પણ પ્રોગ્રામ હોય તેમાં યુવા મંડળ સક્રિય રીતે ભાગ લે છે અને ટ્રસ્ટ ફંડ નો પણ યુવક મંડળને ખૂબજ સહકાર મળે તે સાથે આજે વિદાય લેતા ટ્રસ્ટીઓને ધન્યવાદ માનેલ અને આવતા નવા ટ્રસ્ટીઓને યુવા મંડળથી દિલથી અભિનંદન આપેલ આવતા કાર્યક્રમમાં શરદ પૂર્ણિમા શ્રી લક્ષ્મીનારાયણ ઉમા ધામ થાણા મધ્યેલ રાખેલ છે તેમાં સહકાર અપેક્ષા સાથે શરદ પૂર્ણિમા મહોત્સવ માટે સર્વ ને હાર્દિક આમંત્રણ આપેલ હતું.

ચેરમેનના ઉદ્‌બોધનમાં કાંતિભાઈ સેંઘાણી દ્વારા આજના કાર્યક્રમમાં ટ્રસ્ટ પણ દ્વારા આ વર્ષ દરમિયાન સૌથી વધારે આવક થઈ છે તે બદલ વર્તમાનની પૂરી ટીમને અને એના સ્ટાફને અને સમાજને જણાવતા આનંદની લાગણી વ્યકત કરી હતી અને ટ્રસ્ટના ડેવલપમેન્ટ માટે જ્ઞાતિજનોને પાસે સહકાર માટે આહવાહન કરેલ હતું.

ટ્રસ્ટી વિનોદભાઈ લીંબાણી દ્વારા સર્વે પધારેલ સભ્યોનો આભાર માનેલ હતો, અને ચેરમેન શ્રીની મંજૂરી સાથે આજની સભાનું પ્રથમ સત્ર અહીં પુરૂ કરેલ હતું.

બીજા સત્ર માટે વાઈસ ચેરમેન પ્રકાશભાઈ માવાણી ચૂંટણી પંચના કન્વીનર છગનભાઈ રામજીયાણી, સહ કન્વીનર ગાંગજીભાઈ સેંઘાણીને સોંપેલ હતું જેની કાર્યવાહીનો અહેવાલ આજ મુખપત્રકમાં ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ છે તેની જ્ઞાતિજનો નોંધ લેશો.

**લી. ચેરમેન કાંતિભાઈ નારાણ સેંઘાણી**

**મેનેજીંગ ટ્રસ્ટી પ્રકાશભાઈ માવાણી**

## મહિલા મંડળ મુંબઈ

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ દ્વારા આયોજિત ૧૫ દિવસીય આસામ, મેઘાલય, ત્રિપુરા સ્થિત શક્તિપીઠ માતા જયંતિદેવી, કામાખ્યા અને ત્રિપુરા સુંદરી યાત્રા તા. ૦૮-૦૩-૨૦૨૬ થી તા. ૨૨-૦૩-૨૦૨૬ વહેલા તે પહેલાના ધોરણે લેવામાં આવશે.

**વધુ માહિતી અને નામ નોંધાવવા માટે સંપર્ક સુત્ર :-**

| | | |
|---|---|---|
| ૧) ઘાટકોપર (વેસ્ટ) | પ્રભાબેન ડાયાણી | ૯૦૨૨૫૬૦૬૩૬ |
| ઘાટકોપર (ઈસ્ટ) | સુશીલાબેન ધોળુ | ૯૬૬૪૯૨૨૨૩૧ |
| ૨) થાણા | લીનાબેન પોકાર | ૯૮૬૯૫૫૧૧૭૪ |
| ૩) ડોંબીવલી | રેખાબેન ધોળુ | ૯૯૩૦૭૮૮૧૫૯ |
| ૪) પનવેલ | ભારતીબેન વાલાણી | ૯૮૧૯૧૧૦૬૮૯ |
| ૫) ખારઘર | ગીતાબેન પોકાર | ૯૮૨૧૬૭૦૯૪૯ |
| ૬) બદલાપુર | લીલાબેન નાકરાણી | ૯૩૨૧૦૮૬૯૫૧ |
| ૭) બોરીવલી | કલ્પનાબેન છાભૈયા | ૯૯૬૭૦૨૭૧૧૧ |
| ૮) કાંદિવલી | પ્રવિણાબેન ખીમાણી | ૯૯૬૯૬૭૯૭૦૬ |
| ૯) વસઈ | પ્રવિણાબેન પોકાર | ૯૯૨૩૧૭૯૭૦૬ |

**પ્રમુખ : વર્ષાબેન નરેશ દિવાણી**

**મહામંત્રી - પુનમ નરેન્દ્ર રામજીયાણી**

નોંધ : આગામી કાર્યક્રમ ૮ નવેમ્બર ૨૦૨૫ ધાર્મિક ૧૬ સંસ્કાર વિષય પર લેવામાં આવનાર છે.

**શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી ટ્રસ્ટ ફંડ પ્રેરિત.....** પાના નં. ૨ થી ચાલુ...

કૃષ્ણ જન્મોત્સવ-૨૦૨૫''ના કાર્યક્રમ માટે નિશુલક્ક ડેકોરેશન કરી આપનાર સ્વસ્તિક ડેકોરેશનના અનિલભાઈ પાસડનો વિ શેષ આભાર માનેલ હતો તેમજ ગૌરવ કેટરસના રમેશભાઈ રાજપુરોહિત, સાત્વિક સાઉન્ડના સાત્વિકભાઈ ધોળું, પોકાર ફોટોના કિર્તીભાઈ પોકાર તેમજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેનાર જ્ઞાતિજનોનો આભાર માની મહાપ્રાદ લઈ કાર્યક્રમને પૂર્ણ કરેલ હતો.

### * સન્માનીય દાતાશ્રીઓની નામાવલી *

બાળકૃષ્ણના દાતાશ્રી : ધ્રુવિત કૃતાર્થ હરેશભાઈ સેંઘાણી પરિવાર (સેન્વીન ગ્રુપ) - દરસડી

મહાઆરતીના દાતાશ્રી : શ્રીમતી જ્યોતિબેન કિશોર વાસાણી - હસ્તે શ્રી ધ્રુવ કિશોર વાસાણી - મદનપુરા (કોડાય)

દહીહાંડીના દાતાશ્રી : રામ ભરોસે

મહાપ્રસાદના દાતાશ્રી : શ્રી નરેન્દ્ર કલ્યાણી ધોળુ પરિવાર - રાયણ (મોટી)
શ્રી જયંતિલાલ કાનજી શિરવી પરિવાર - બિદડા
શ્રી મનસુખ પચાણ વાડિયા પરિવાર - રાજપર
શ્રીમતી ઉર્મિલાબેન અંબાલાલ લિંબાણી પરિવાર - દુર્ગાપુર (નવાવાસ)
શ્રી પ્રકાશ દેવજી પોકાર પરિવાર - રાયણ (મોટી

સુકી પ્રસાદીના દાતા : શ્રીમતી જયશ્રીબેન આનંદ પુરૂષોત્તમ વેલાણી પરિવાર હસ્તે - રૂતુજા અને જુષ્ટિ - લુડવા

સાઉન્ડ સિસ્ટમના દાતા: A.M. Buidwell હસ્તે ભાવેશભાઈ શિરવી
વાડીયા કન્સ્ટ્રકશન હસ્તે શ્રી યોગેશભાઈ વાડીયા, શ્રી અશોકભાઈ ધોળું, શ્રી મુકુભાઈ વાડીયા, શ્રી ગૌરવભાઈ વાડીયા

પાણીના દાતા : શ્રીમતિ રીના પ્રદીપ પોકાર પરિવાર હસ્તે - સિદ્ધેશ અને ઊર્મિ-મમાયમોરા

ફોટોગ્રાફીના દાતા : સ્વ. કાંતાબેન શિવગણ સેંઘાણી - હસ્તે શ્રીમતી વનીતાબેન રમણલાલ સેંઘાણી - મમાયમોરા
શ્રીમતી કમળાબેન નાનજી વાસાણી - હસ્તે સાવિત્રીબેન જીવરાજ વાસાણી-વિરાણી (નાની)

એ.સી.ના દાતા : શ્રીમતી વિજયાબેન શાંતિલાલ ચૌધરી પરિવાર હસ્તે માહી રાજેશ ચૌધરી, સિયા જયેશ ચૌધરી - ગાંધીગ્રામ

ઉપરોકત સર્વે દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર તેમજ સમાજના વિવિધ કાર્યક્રમોમાં આપનો સાથસહકાર મળતો રહે એવી આશા.

**લી. શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ ડોંબીવલી**

**પ્રમુખ : શ્રીમતી રેખાબેન નરેન્દ્ર ધોળું**

**મહામંત્રી : શ્રીમતી પ્રીતીબેન જયેશ ભગત**



**તંત્રી સ્થાને થી.....**

પાના નં. ૧થી ચાલુ...

કરતા આવ્યા અને તેઓની માનદ સેવાના પ્રતિક સ્વરૂપ આપણી સમગ્ર જ્ઞાતિ પાટી-પેન અને ત્યારબાદ પેન-બોલપેન તેમજ હાલે લેટપોટ-ટેબ્લેટના સમયમાં પ્રગતિના પંથે આગળ વધી રહી છે.

પ્રગતિ આર્થીક રીતે તો થઈ છે પણ તેનાથી વિશેષ આ મુખપત્રક દ્વારા સમય સમય ઉપર પ્રગટ થતા સળંગ ૬૬ સમૂહલગ્નો કે વિદ્યાર્થીઓને રાહત દરે દેવાતી નોટબુકો કે તેઓની યોગ્ય માર્ગદર્શન અર્થે યોજાતા શૈક્ષણિક શિબિરો કે એક દિવસમાંથી બે ભાગમાં ઉજવાતા સરસ્વતી સન્માન સમારોહની વિગત હોય. દરેક સ્થાને, સમયે અને સંગાથે આપણી ત્રણે પાંખોએ જ્ઞાતિને પ્રગતિના પંથે લઈ જવા માટે કરેલ પ્રયાસનો આ મુખપત્રક હમેશા તેનો સાક્ષી રહેલ છે.

આ મુખપત્રકના પ્રારંભિગ દિવસોમાં સમગ્ર વાતાવરણ ૨૧ મી સદી કોમ્પ્યુટર તરફ આગળ વધી રહી છે. તે વેળા શરૂઆત પામેલ આ પ્રયાસ આજે પણ ૨૫ વર્ષની ઉજવણી માનવીને અંકબંધ રહેલ છે અને તેને જીવંત રાખવા માટે આપણી જ્ઞાતિ ટ્રસ્ટ ફંડના સંચાલકો તો ધન્યવાદને પાત્ર છે. પણ આપણી યુવા શક્તિ અને મહિલા મંડળ પણ પોતાના નવીન કાર્યક્રમો લાવીને આ પ્રયાસને ગતિમાન રાખવામાં સહાયરૂપ બનેલ છે તેથી તેઓ પણ ખરેખર અભિનંદનને પાત્ર છે. વળી આ પ્રયાસમાં સમયની સાથે આપણી મુંબઈ જ્ઞાતિની અન્ય ૨૨ પેટા સમાજો પણ પોતાની ગતિવિધિઓની જાણકારી પ્રગટ કરાવીને મુલ્યવાન ફાળો આપતા રહ્યા છે તેઓને પણ ધન્યવાદ.

તો વળી આ મુખપત્રકના વાચકોમાં પ્રિય અને જેઓ આતુરતાથી રાહ જોઈ તેને ફાઈલ કરતા હોય તે ''ઓઝસ''ની નિયમિત પ્રગટ થતી માહિતીસભર વિગતો મોકલનાર મહિલા મંડળની ઉત્સાહિત બહેનો પણ પ્રોત્સાહનને લાયક છે.

આવી અસંખ્ય યાદો પછી તે ધાર્મિક, રાજકીય, સામાજીક, શૈક્ષણિક, રમતગમત, મેડિકલ, યોગા, પ્રવાસ એડવેન્ચર, આર્થિક વગેરે પ્રવૃત્તિઓની આગોતરી માહિતી અને શરતચૂકથી લાભ લેવાનું રહી ગયું હોય તો તેનો વિસ્તૃત અહેવાલ પ્રત્યક્ષ હાજર હોવાની પ્રતીતિ કરાવતો હોય છે અને આમ આયોજકોનો ઉત્સાહ વધારવામાં પણ આપણું મુખપત્રક હંમેશા સહાયરૂપ બનતું આવ્યું છે.

વર્ષ ૨૦૧૯માં જ્યારે સમગ્ર વિશ્વ કોરોનાના પ્રભાવ હેઠળ હતું ત્યારે આ મુખપત્રકના પ્રકાશન સમિતિના અથાગ પરિશ્રમથી તેવા પીડીએફ સ્વરૂપમાં અંકો પ્રગટ કરેલ. એ માટે યોગ્ય નોંધણી ક્રમાંક તથા બીજા સહયોગ માટે સરકારી આરએનઆઈ વિભાગ તથા નિયમિત રીતે પોસ્ટ દ્વારા મુખપત્રકને વાચક સુધી પહોંચાડવામાં સહાયક એવા ભારત સરકાર ટપાલ વિભાગનો પણ આભાર માનવો ઘટે.

ખાસ તો આપણા યુવા મંડળ દ્વારા સંચાલિત વેબસાઈટ www.kkpgtrustmumbai.org તેમજ મોબાઈલ એપ્લીકેશન KKPG Trust Mumbai ઉપર આ મુખપત્રક ના બધા ૨૭૯ અંકો સમય સમય ઉપર મુકવા બદલ સક્રિય યુવા ટીમને પણ કોટી કોટી અભિનંદન પ્રગટ કરીએ છીએ.

સવિશેષ પત્રિકામાં નવા આગામી કાર્યક્રમોની વિગતો વાંચવા આતુર આપણા જાગૃત વાચક વર્ગ પોતાના મનપસંદ કાર્યક્રમનો લાભ લેવા માટે પ્રેરીત થતો હોય છે એવા સમયે આ મુખપત્રક કોઈક ને કોઈક રીતે માહિતીઓ સાથે અન્ય વાંચન તરફ પણ વાચકની રૂચિ વધારવા નિમિત્ત બન્યું છે. આપણા વિશાળ ૪૫૦૦ વાચક પરિવારો પણ સન્માનને પાત્ર છે.

આમ આ મુખપત્રકને સદા જીવંત રાખનાર સર્વે નામી-અનામી હસ્તીઓને બે હાથ જોડી અમો આભારની લાગણી પ્રગટ કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે આગામી વર્ષોમાં પણ આપનો આવો જ ઉત્સાહ, પ્રેમ અને સહકાર મળતો રહેશે એવી અભિલાષા સહ.

**છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી, તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી, સહતંત્રી**
**કુસુમબેન જયભાઈ રામજીયાણી સહતંત્રી**

**શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત**
**શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત**
**સહયોગી - શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ઘાટકોપર**
**શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ - મુલુંડ**

OJAS™ SMART MOVE, SMART LIFE

## અસ્થમા
## (દવા વગર કુદરતી ઉપચાર)

- વાતાવરણ માં રહેલા દૂષિત તત્ત્વો જેવા કે રજ,પરાગરજ,બેક્ટેરિયા,વાયુ પ્રદૂષણ ,ધુમાડો ,પશુઓના વાળ આ બધા ને લીધે ઘણા લોકોને અસ્થમા થાય છે.
- કુટુંબ માં માતા-પિતા ,નજીક ના સગા- સંબધી કોઈને અસ્થમાની બીમારી હોય તો વારસાગત પણ આવે છે.
- આજકાલ બાળકોમાં સતત શરદી ખાંસી ને કારણે અસ્થમા થઈ શકે છે




હાથ ની પહેલી આંગળી માં તુલસી નું પાન,બીજી આંગળી માં હળદર પાવડર અથવા હળદર ની કતરી લગાડો અને ત્રીજી આંગળી માં ગ્રીન કલર થી (+45-41) લખો. (ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)




આની સાથે વન પોઇન્ટ થેરપી ના પોઈંટ લગાડવાથી જલ્દી ફાયદો થાય છે તેથી ચિત્ર માં બતાડેલા પોઈંટ ને એક્ટિવ કરીબંને હાથ ની આંગળી માં મેથી ના દાણા લગાડો. (Lu 5,Lu 6,Lu 11,B 13)

**<u>વિશેષ</u>** :
દરરોજ ફેફસા ના ભાગ પર મન કેન્દ્રિત કરી એના બધા કોષ કોષિકા અને નાભિક માં પ્રાણ ની પોઝિટિવ ઊર્જા આપી શકાય છે.

સંપર્ક : વર્ષા દિવાણી - 9870256773 શ્રુતિ સેંધાણી - 9137868465
Email id - ojjastherapy11@gmail.com

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડલ મુંબઈ**
**શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ મુંબઈ રિજીયન**

## શરદોત્સવ ૨૦૨૫

મુંબઈમાં વસતા જ્ઞાતિજનો અને યુવા મિત્રો થઈ જાઓ તૈયાર રાસ ગરબાની રમઝટ માણવા શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ લઈને આવી રહ્યું છે મેગા ઈવેન્ટ ''શરદોત્સવ ૨૦૨૫''. શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ આ કાર્યક્રમમાં સર્વ જ્ઞાતિજનોને ભાવભર્યું આમંત્રણ પાઠવે છે.

**તારીખ : ૦૪-૧૦-૨૦૨૫ શનિવાર**

**સમય : સાંજે ૬.૦૦ વાગ્યાથી**

**સ્થળ : લક્ષ્મી નારાયણ ઉમાધામ, વડવલી, થાણા**

નોંધ : વિશેષ માહિતી કાર્યક્રમના ૧૦ દિવસ પહેલા તમારા વિસ્તારના સહયોગી મંડળ દ્વારા આપવામાં આવશે એની નોંધ લેશો.

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ**
**પ્રમુખ : વિનય જેઠલાલ છાભૈયા**
**મહામંત્રી : ભાવેશ પ્રેમચંદ પોકાર**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી ટ્રસ્ટ ફંડ મુંબઈ

### ચુંટણી પંચનો અહેવાલ

આજ રોજ તા. ૩૦-૦૮-૨૦૨૫ શનિવારના રોજ ટ્રસ્ટ ફંડના વર્ષ ૨૦૨૫ના ચુંટણી પંચના સભ્યોની મીટીંગ ઘાટકોપર સમાજવાડીમાં મળી જેમાં નીચે સહી કરનાર ચુંટણી પંચના સભ્યો અને અન્ય સભ્યો હાજર રહ્યાં હતાં.

૧) શ્રી છગનલાલ નાનજી રામજીયાણી
૨) શ્રી ગાંગજી નારાણ સેંઘાણી
૩) શ્રી ભરતભાઈ રતનશી પોકાર
૪) શ્રી સામજી નારાણ નાકરાણી
૫) શ્રી કાન્તીલાલ લખમશી લીંબાણી

### કાર્યવાહી

ચૂંટણી પંચને આવેલ નીચે મુજબના પત્રોનું વાચન કરવામાં આવ્યું.

૧) તા. ૨૪-૦૭-૨૦૨૫ના શ્રી અનિલ રતિલાલ રામાણી, ઘાટકોપરવાળાનો આવેલ પત્ર.
૨) તા. ૦૧-૦૮-૨૦૨૫ના શ્રી અનિલ રતિલાલ રામાણી, ઘાટકોપર વાળાનો આવેલ પત્ર.
૩) તા. ૧૦-૦૮-૨૦૨૫ના શ્રી અતુલ મણીલાલ રામાણી, ઘાટકોપરવાળાનો આવેલ પત્ર.
૪) તા. ૧૪-૦૮-૨૦૨૫ના શ્રી અનિલ રતિલાલ રામાણી, ઘાટકોપર વાળનો પત્ર આવેલ.

ઉપરોક્ત તમામ પત્રોનું વાંચન કરવામાં આવ્યું અને સમિક્ષા કરવામાં આવી.

ઉપરોકત અનિલ રતિલાલ રામાણીના આવેલ પત્રનો જવાબ ચુંટણી પંચે તા. ૨૧-૦૮-૨૦૨૫ના આપેલ છે. આ તમામ પત્રો ચુંટણી પંચની ફાઈલમાં મોજુદ છે.

ચુંટણી પંચના સભ્યોએ અત્યાર સુધી ચુંટણીની પ્રક્રિયા પારદર્શક અને નિષ્પક્ષ રીતે બંધારણીય પ્રક્રિયા મુજબ કરેલ છે. જેમાં ચુંટણી પંચના સર્વે સભ્યો સહમત છે.

ત્યારબાદ આજ રોજ ટ્રસ્ટ ફંડની સામાન્ય સભામાં ચૂંટણી કમીશ્નર શ્રી છગનભાઈ નાનજી રામજીયાણીએ ઉપરોકત આવેલ ચાર પત્રોની સામાન્ય સભાને માહિતિ આપી અને જણાવેલ કે ચુંટણી પંચે ચુંટણીની સમગ્ર પ્રક્રિયા નિષ્પક્ષ રીતે અને સમાજના હિતમાં કરેલ છે. કોઈપણ જાતનો પક્ષપાત કરવામાં આવેલ નથી કે કોઈપણ સભ્યને રાજીનામું પરત લેવા માટે દબાણ કરવામાં આવ્યું નથી. ઉમેદવારી પરત ખેંચનાર સભ્યોએ સ્વૈચ્છિક રીતે ઉમેદવારી પરત ખેંચી છે.

ચુંટણી કમીશ્નરની આ રજુઆતને ઉપસ્થિત સર્વે સભ્યોએ વધાવી લીધેલ અને ચુંટણી પંચને અભિનંદન આપેલ અને ચુંટણીની અત્યાર સુધી થયેલ પ્રક્રિયામાં વિશ્વાસ વ્યક્ત કરેલ.

ત્યારબાદ ચુંટાયેલ ૧૫ ટ્રસ્ટીઓના નામો સભા સમક્ષ વાંચી સંભળવવામાં આવેલ જેને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.

ચુંટણી પંચના સભ્ય શ્રી ગાંગજીભાઈ સેંઘાણી અને શ્રી કાન્તીભાઈ લીંબાણીએ પ્રાસંગિક વકતવ્ય આપેલ અને ચુંટાયેલા ટ્રસ્ટીઓની જવાબદારી વિશે વાકેફ કર્યા અને સોગંદવિધિ કરવામાં આવેલ.

અંતમા રાષ્ટ્રગીત ગાન બાદ સભાની પૂર્ણાહુતિ જાહેર કરવામાં આવી.

**ચુંટણી પંચના સભ્યો.**

૧) શ્રી છગનલાલ નાનજી રામજીયાણી
૨) શ્રી ગાંગજી નારાણ સેંઘાણી
૩) શ્રી ભરતભાઈ રતનશી પોકાર
૪) શ્રી શામજી નારાણ નાકરાણી
૫) શ્રી કાન્તીલાલ લખમશી લીંબાણી

## શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબિવલી આયોજીત શ્રી પાટીદાર યુવક મંડળ-ડોંબિવલી, શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ ડોંબીવલી સહયોગી

**''વિજયા દશમી મહોત્સવ-૨૦૨૫''**

**વાર્ષીક સામાન્ય સભા, વાર્ષીક મીલન, સરસ્વતી સન્માન સમારોહ**

દર વર્ષની જેમ આ વર્ષે પણ ડોંબીવલી સમાજ દ્વારા વિજયા દશમી, વાર્ષિક સ્નેહમિલન તેમજ સરસ્વતી સન્માન-૨૦૨૫નું આયોજન કરવામાં આવેલ છે.

**કાર્યક્રમની તારીખ તેમજ સમય : તા. ૦૨-૧૦-૨૦૨૫ને ગુરૂવાર**
**સમય બપોરના ૨.૩૦ કલાકે**
**કાર્યક્રમનું સ્થળ : પાટીદાર ભવન, ડોંબીવલી**

**કાર્યક્રમની રૂપરેખા**

૧) દીપ પ્રાગટ્ય તેમજ આરતી.
૨) સમાજ, યુવક મંડળ તેમજ મહિલામંડળના વાર્ષિક હિસાબ કિતાબની રજુઆત.
૩) પ્રમુખ સ્થાનેથી રજુઆત.
૪) સરસ્વતી સન્માન સમારોહ.

**ખાસ નોંધ :** કાર્યક્રમના દિવસે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરેલ છે.

**સમય સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી**

**રાત્રે મહાપ્રાસદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**

ડોંબીવલીમાં વસ્તા દરેક જ્ઞાતિજનોને બહોળી સંખ્યામાં હાજર રહેવા હાર્દિક આમંત્રણ પાઠવે છે.

**લી. શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ - ડોંબીવલી**
**પ્રમુખ : શ્રી કમલેશ મણીલાલ લિંબાણી**
**મહામંત્રી : શ્રી અંબાલાલ રામજી લિંબાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-બોરીવલી વાર્ષિક સામાન્ય સભા અને સરસ્વતી સનમા સમારંભ

શ્રી બોરીવલી પાટીદાર સમાજનો દશેરાનો ઉત્સવ તેમજ સરસ્વતિ સન્માન અને સામાન્ય સભા તા. ૦૨-૧૦-૨૦૨૫ને ગુરૂવારના રોજ બપોરના ૨.૩૦ વાગે બોરીવલી પાટીદાર વાડીમાં રાખેલ છે.

**-: અજેન્ડા નીચે મુજબ છે :-**

૧) સ્વાગત, એવમ દિપ પ્રાગટ્ય.
૨) ગત સભાની મિટીંગની મિનીટસનું વાંચન.
૩) સરસ્વતી સન્માન સમારંભ.
૪) વાર્ષિક હિસાબોની રજુઆત.
૫) વડીલ વંદના એવમ સભ્યોના મંતવ્યો.
૬) પ્રમુખ સ્થાનેથી રજુઆત.
૭) આભાર વિધી, ઉમિયા માતાજીની મહા આરતી.

**નોંધ :** સરસ્વતી સન્માન સભા પુરી થયા બાદ કારોબારીની મુદત પુરી થતા હોઈ નુતન કારેબારીની વરણી અંગે સભા પ્રથમ માળે રાખેલ છે. સમાજના દરેક સભ્યોએ સમયસર હાજરી આપી, દશેરા ઉત્સવને સાર્થક બનાવવા વિનંતી.

**બપોરના ૨.૧૫ કલાકે ચાય, કોફી**

**સાંજને ૭.૦૦ કલાકે મહાપ્રસાદ**

**પ્રમુખ શ્રી : જયંતિભાઈ અરજણ છાભૈયા**
**મહામંત્રી : શ્રી વિઠ્ઠલભાઈ માવજી હળપાણી**